અપીલ અરજી નં.૪૨૩ તા.૪–૩–૧૦

અરજદારઃ– શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદની તા.૩૦–૧–૦૯ ની અરજીથી શહેર વિકાસ અધિકારી કેતન પટેલને લગતી મુદ્દા નં.૧ થી ૧૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૩/૨૦૦૯–૧૦

શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદની તા.૩૦–૧–૦૯ની અરજીથી શહેર વિકાસ અધિકારી કેતન પટેલને લગતી મુદ્દા નં.૧ થી ૧૪ની માહિતી આપવા બાબત. આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૮ તા.૧૦–૩–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ ફી ની વિગતસહ સામેલ કરેલ નથી. જે મળેલી માહિતીની નકલ સહ રજૂ કરવા જણાવવા તથા બીડેલ નકલમાં મુળ અરજીમાં સહી વિનાની જણાય છે. તેમજ મુળ અરજીની નકલ તા.૩૦–૧–૦૯ ની હોય તો કલમ–૧૯(૧) હેઠળ લભભગ ૧ વર્ષના વિલંબ અંગે વાજબીપણું અને આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. તથા અરજદાર તરફથી પણ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. ફકત અરજદારે પૂરક વિગતોના આધારમાં અરજીની નકલમાં સહી કરેલ છે.

અરજદારે તા.૪–૩–૧૦ ના રોજ કરેલ અપીલ અરજીમાં નમુના–ક ની અરજીની તારીખ જણાવેલ નથી તેમજ તેની સાથે સામેલ કરેલ અરજીની નકલમાં પણ તારીખ જણાવેલ નથી. તેની સાથે સંદર્ભ પત્ર તા.૨–૩–૧૦ માં અરજદારે તા.૩૦–૧–૦૯ ની તારીખનો ઉલ્લેખ કરી અપીલ અરજી કરવામાં આવેલ. પરંતુ અપીલ તબકકે તે બાબતે બંને પક્ષકારોને નં.આરટીઆઈ સેલ/૧૪૨૮ તા.૧૦–૩–૧૦ પત્ર પાઠવવા છતાં સદર વિગત બાબતે બંને પક્ષકારો તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. સદર જણાવેલ તારીખ જોવામાં આવે તો અરજદારની અપીલ અરજી લગભગ ૧ વર્ષના વિલંબ અને તે અંગે વાજબીપણું પણ રજૂ કરેલ નથી. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ અરજદારે પોતે કરેલી અરજી બાબતે દાવાના સમર્થનમાં આધાર રજુ કરવાની જવાબદારી રહે છે. તેમ છતાં અરજદારે અપીલ તબકકે તક આપવા છતાં તે રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૧–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે કરેલ અપીલ બાબતે મુળ અરજી આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમજ વિલંબથી કરેલ અપીલ ગ્રાહય ન રાખતાં અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ